NHS

CANCER RESEARCH UK

*Cancer Screening Programmes*

# BOWEL CANCER SCREENING

## બાવલ (bowel) કેન્સર સ્ક્રીનિંગ (આંતરડાના કેન્સર માટેની તપાસ)

## The Facts

## હકીકતો

### *આ પત્રિકાનું લક્ષ્ય શું છે?*

આ પત્રિકા તમને બાવલ (આંતરડાનું) કેન્સર, અને બાવલ કેન્સર સ્ક્રીનિંગ (આંતરડાના કેન્સરની તપાસ) કરાવવાના ફાયદા તેમજ જોખમો વિશે માહિતી આપે છે. તેનું લક્ષ્ય એન.એચ.એસ. બાવલ કેન્સર સ્ક્રીનિંગ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે તમે માહિતીસભર પસંદગી કરી શકો તેમાં તમારી મદદ કરવાનું છે.

### *બાવલ કેન્સર સ્ક્રીનિંગનો હેતુ શું છે?*

- બાવલ કેન્સર સ્ક્રીનિંગનો હેતુ બાવલ - આંતરડાનું કેન્સર તેના શરૂઆતના તબક્કામાં પકડી પાડવાનો છે (જે લોકોને તેનાં કોઈ ચિહ્નો ન જણાતાં હોય તેમનામાં), જ્યારે સારવાર વધારે અસરકારક નીવડવાની શક્યતાઓ હોય છે.
- બાવલ કેન્સર સ્ક્રીનિંગમાં 'પોલિપ્સ' (ત્વચાની ગાંઠો) પણ પકડી શકાય છે. આ કેન્સર નથી, પરંતુ સમય જતાં તે કેન્સરમાં ફેરવાઈ શકે છે. તેમને આસાનીથી કાઢી શકાય છે, જેથી બાવલ કેન્સર થવાનું જોખમ ઘટાડી શકાય છે.

### *બાવલ કેન્સર માટેનું સ્ક્રીનિંગ અગત્યનું છે?*

- યુકેમાં લગભગ દર 20માંથી એક વ્યક્તિને તેમના જીવનકાળ દરમ્યાન બાવલ કેન્સર થાય છે.
- યુકેમાં તે ત્રીજા નંબરનું સૌથી વધારે પ્રમાણમાં થતું કેન્સર છે, અને કેન્સરને કારણે થતાં મૃત્યુનું બીજું સૌથી મોટું કારણ છે. દર વર્ષે 16,000 કરતાં વધારે લોકો આના લીધે મૃત્યુ પામે છે. (Cancer Research UK કેન્સર રીસર્ચ યુકે, 2005. *Cancerstats કેન્સરસ્ટેટ્સ*).
- નિયમિત બાવલ કેન્સર સ્ક્રીનિંગને કારણે બાવલ કેન્સરથી મૃત્યુ થવાના જોખમમાં 16%નો ઘટાડો થયો હોવાનું દેખાયું છે (Cochrane Database of Systematic Reviews કોકરેન ડેટાબેઝ ઓફ સિસ્ટમેટિક રિવ્યૂઝ, 2006. *Screening for colorectal cancer using the faecal occult blood test: an update સ્ક્રીનિંગ ફોર કોલોરેક્ટલ કેન્સર યુઝિંગ ધ ફીકલ ઓકલ્ટ બ્લડ ટેસ્ટ: સુધારેલી આવૃત્તિ*).

### *એન.એચ.એસ. બાવલ કેન્સર સ્ક્રીનિંગ પ્રોગ્રામ શું છે?*

**એન.એચ.એસ. બાવલ કેન્સર સ્ક્રીનિંગ પ્રોગ્રામ 60થી 69 વર્ષની ઉંમરનાં બધાં જ પુરૂષો અને સ્ત્રીઓને દર બે વર્ષે આ સ્ક્રીનિંગ - તપાસ કરી આપે છે.** આ ઉંમરનાં લોકોને આપમેળે જ આ માટેનું આમંત્રણ અને તે પછી તેમની સ્ક્રીનિંગ કિટ મોકલવામાં આવશે જેથી તેઓ ઘરે જાતે આ તપાસ કરી શકે. તમારા જીપી તમારા સંપર્કની વિગતો આપશે, આથી તમારા જીપીની પાસે તમારું સાચું નામ અને સરનામું હોય તે અગત્યનું છે.

**તમારા પહેલા સ્ક્રીનિંગ ટેસ્ટ પછી, તમે 69 વર્ષની ઉંમરે પહોંચશો ત્યાં સુધી તમને દર બે વર્ષે બીજું આમંત્રણ અને સ્ક્રીનિંગ કિટ મોકલવામાં આવશે.** જો તમે 70 વર્ષ કે તેથી વધારે ઉંમરનાં હો, તો તમે આ પત્રિકાના અંતમાં આપેલા મફત ફોન નંબર પર ફોન કરીને એક સ્ક્રિનિંગ કિટ મંગાવી શકો છો.

## બાવલ - આંતરડાં શું કરે છે?

બાવલ - આંતરડાં આપણી પાચન પદ્ધતિનો એક ભાગ છે અને તે નાના અને મોટા આંતરડાં તરીકે બે ભાગમાં વહેંચાયેલાં છે. મોટું આંતરડું કોલોન અને રેક્ટમનું બનેલું હોય છે.




ચિત્રઃ બાવલ - આંતરડાં

Small bowel: નાનું આંતરડું, Anus: ગુદા (મળદ્વાર), Stomach: પેટ, Colon (Large Bowel): મોટું આંતરડું, Rectum (Large Bowel): મળાશય

ખોરાક પેટમાંથી પસાર થઈને નાના આંતરડામાં જાય છે. નાનું આંતરડું તેમાંથી પોષક તત્ત્વોને લઈને શરીરમાં પહોંચાડે તે પછી, નહિ પચેલો કોઈ પણ ખોરાક મોટા આંતરડામાંથી પસાર થાય છે જ્યાં તે નકામા ખોરાકી કચરામાંથી પાણી કાઢી લેવામાં આવે છે. આ કચરો રેક્ટમ (મળાશય - ગુદામાર્ગ)માં ભેગો થાય છે અને છેવટે તે મળ તરીકે શરીરમાંથી બહાર નીકળે છે (જેને જાજરૂ કે ઝાડો પણ કહેવાય છે).

## બાવલ કેન્સર શું છે?

બાવલ કેન્સરને કોલોન, રેક્ટલ અથવા કોલોરેક્ટલ કેન્સર તરીકે પણ ઓળખવામાં આવે છે. બાવલની દિવાલ એવા કોષોની બનેલી હોય છે જે સતત રીતે નવા બન્યા કરે છે. કેટલીકવાર આ કોષો બહુ ઝડપથી વિકસે છે જેના લીધે કોષોનો એક ગઠ્ઠો (ગાંઠ) બની જાય છે જેને બાવલ **'પોલિપ'** કહેવાય છે (તેને કેટલીકવાર 'એડેનોમા' તરીકે પણ ઓળખવામાં આવે છે). પોલિપ્સ બાવલ કેન્સર નથી (તે સામાન્ય રીતે નિર્દોષ હોય છે), પરંતુ વર્ષો જતાં તે ભારે ચેપી કેન્સર બની શકે છે. ચેપી કેન્સર એટલે એવું કેન્સર જ્યારે કેન્સરના કોષો તેની અસલ જગ્યાએથી બીજી બધી જગ્યાઓમાં અને શરીરના બીજા ભાગોમાં પ્રસરી શકે છે.

## બાવલ કેન્સર થવાનું જોખમ કોને છે?

- પુરૂષો અને સ્ત્રીઓ બંનેને બાવલ કેન્સર થવાનું જોખમ રહેલું છે.
- ઉંમર સાથે બાવલ કેન્સર થવાનું તમારું જોખમ પણ વધે છે. બાવલ કેન્સરનું નિદાન કરવામાં આવેલાં 10માંથી આઠ લોકો 60 વર્ષથી વધારે ઉંમરનાં છે.
- જે લોકોનાં કુટુંબમાં ભૂતકાળમાં કોઈને બાવલ કેન્સર થયેલું હોય તેમને આ રોગ થવાનું જોખમ વધારે છે.
- જે લોકો બહુ ઓછી કસરત કરતાં હોય, જે લોકોનું વજન વધારે પડતું હોય, અને જે લોકો રેડ મીટ ખૂબ વધારે પ્રમાણમાં અને શાકભાજી, ફળો તેમજ ફાઈબરવાળો ખોરાક બહુ ઓછો ખાતાં હોય તેમને પણ બાવલ કેન્સર થવાનું જોખમ વધારે હોવાનું માનવામાં આવે છે.

## *સ્ક્રીનિંગ ટેસ્ટ કેવી રીતે કામ કરે છે?*

- આ સ્ક્રીનિંગ ટેસ્ટમાં તમારા ઝાડા (મળ)માં રહેલું સાવ થોડું લોહી જોઈ શકાય છે જે તમે સામાન્ય રીતે નરી આંખે જોઈ શકતાં નથી. તેને **Faecal Occult Blood (FOB) test 'ફીકલ ઓકલ્ટ બ્લડ (એફ.ઓ.બી.) ટેસ્ટ'** કહેવાય છે ('ઓકલ્ટ બ્લડ' એટલે છુપાયેલું લોહી).
- કેટલીકવાર પોલિપ્સ અને બાવલ કેન્સરની ગાંઠોમાંથી લોહી નીકળે છે, એટલા માટે અમે તમારા ઝાડામાં લોહી માટેની તપાસ કરીએ છીએ.
- **એફ.ઓ.બી. ટેસ્ટથી બાવલ કેન્સરનું નિદાન કરી શકાતું નથી**, પરંતુ તેનાં પરિણામોથી તમને એ ખબર પડશે કે તમારે તમારા આંતરડાની તપાસ (કોલોનોસ્કોપી) કરાવવાની જરૂર છે કે નહિ.

## *આ સ્ક્રીનિંગ (એફ.ઓ.બી.) ટેસ્ટ કેવી રીતે કરવામાં આવે છે?*

એફ.ઓ.બી. ટેસ્ટ તમે તમારા પોતાના ઘરના એકાંતમાં કરો છો. તમારા ઝાડાના નાના નાના નમૂના લેવા માટેની સરળ રીત સ્ક્રીનિંગ કિટમાં તમને આપવામાં આવી હોય છે. ઝાડાના નમૂના તમારે એક ખાસ પ્રકારના કાર્ડ પર લઈ લેવાના હોય છે, જેને તમારે તે પછી તપાસવા માટે સ્વચ્છતાપૂર્વક બંધ કરી શકાય તેવા એક પરબીડિયામાં મૂકીને તેની પરના મફત પોસ્ટના સરનામે લેબોરેટરીમાં મોકલી આપવાના હોય છે. દરેક કિટમાં આના વિશે વિગતવાર સૂચના આપેલી હોય છે. તમને કદાચ લાગશે કે આ ટેસ્ટ કરવામાં કદાચ શરમ આવે કે અણગમો થાય, પરંતુ તેમાં ફક્ત થોડી જ મિનિટો લાગશે અને શરૂઆતના તબક્કે જ બાવલ કેન્સર પકડી પાડવાની તે એક અસરકારક પદ્ધતિ છે.

## *મને મારાં પરિણામો ક્યારે મળશે અને તેનો અર્થ શું થાય?*

તમને તમારો નમૂનો મોકલ્યાનાં બે અઠવાડિયાંની અંદર લેબોરેટરીમાંથી તેનું પરિણામ જણાવતો પત્ર મળવો જોઈએ. તમને ત્રણ પ્રકારનાં પરિણામો મળી શકે:

- **સાધારણ પરિણામ**, એટલે કે તમારા તપાસના નમૂનામાં લોહી દેખાયું ન હતું. મોટા ભાગનાં લોકો (100માંથી લગભગ 98)ને સામાન્ય પરિણામ મળશે. આમાંથી થોડી સંખ્યાનાં લોકોનાં પરિણામ અસ્પષ્ટ હોવાને કારણે તેમણે ફરીથી આ તપાસ કરાવવી પડશે.

**સાધારણ પરિણામ આવવાથી એ ખાતરી નથી મળતી કે તમને બાવલ કેન્સર નથી અથવા તો ભવિષ્યમાં ક્યારેય તે નહિ થાય,** આથી બાવલ કેન્સરનાં ચિહ્નોથી વાકેફ રહેવાનું ખૂબ જ અગત્યનું છે (પાનું 5 જુઓ). તમને બે વર્ષ પછી ફરીથી બાવલ કેન્સર સ્ક્રીનિંગ કરી આપવામાં આવશે.

- **અસ્પષ્ટ પરિણામ**, એટલે કે તમારા એફ.ઓ.બી. ટેસ્ટના નમૂનામાં લોહી હોવાની થોડી સંભાવના જણાઈ હતી. આ કદાચ હીમોરોઈડ્ઝ (પાઈલ્સ - મસા) અથવા તો પેટનાં ચાંદા જેવી બીમારીને કારણે હોઈ શકે. **અસ્પષ્ટ પરિણામ મેળવવાનો અર્થ એવો નથી કે તમને બાવલ કેન્સર છે, એનો અર્થ એટલો જ કે તમારે એફ.ઓ.બી. ટેસ્ટ ફરીથી કરવો પડશે.**

જો તમને અસ્પષ્ટ પરિણામ મળ્યું હોય તો તમને ફરીથી બીજી બે વાર એફ.ઓ.બી. ટેસ્ટ કરવાનું કહેવામાં આવશે. આ એટલા માટે જરૂરી છે કે પોલિપ્સ અને કેન્સરમાંથી હંમેશાં લોહી નીકળતું નથી અને તમારા ઝાડામાં લોહી છે કે નહિ તે જાણવાનું અગત્યનું છે. દર 100માંથી લગભગ ચાર જેટલાં લોકોને અસ્પષ્ટ પરિણામો મળશે. તે પછી ફરીથી ટેસ્ટ કરનારાં મોટા ભાગનાં લોકોને સાધારણ પરિણામ મળશે.

- **આધારણ પરિણામ** એ બતાવે છે કે તમારા એફ.ઓ.બી. ટેસ્ટના નમૂનામાં કદાચ લોહી જોવા મળ્યું હશે - **તે કેન્સર હોવાનુ નિદાન નથી, પરંતુ તેના લીધે તમને કોલોનોસ્કોપી કરાવવાનું ચોક્કસ કહેવામાં આવશે.** બાવલ કેન્સર નહિ પરંતુ બાવલની પોલિપ્સમાંથી લોહી વહેવાને કારણે પણ અસાધારણ પરિણામ આવ્યું હોઈ શકે. તે કદાચ હીમોરોઈડ્ઝ (પાઈલ્સ - મસા) જેવી બીજી બીમારીઓને કારણે પણ હોઈ શકે.

જો તમને અસાધારણ પરિણામ મળ્યું હોય તો તમને તમારા બાવલની વધારે ઊંડાણપૂર્વક તપાસ (કોલોનોસ્કોપી) કરાવવા વિશે ચર્ચા કરવા માટે એક નિષ્ણાત નર્સ સાથે અપોઈન્ટમેન્ટ ગોઠવી આપવામાં આવશે, જેથી સારવારની

જરૂર હોય તેવી કોઈ સમસ્યા છે કે નહિ તે જોઈ શકાય. આ ટેસ્ટ કરનારાં દર 100 લોકોમાંથી લગભગ બે લોકોને અસાધારણ પરિણામ મળશે.

## સ્ક્રીનિંગનાં પરિણામોની ટૂંકમાં સમજૂતી

| | |
|---|---|
| **સાધારણ** | બીજી વધારે તપાસ કરાવવાની જરૂર નથી. તમને બે વર્ષ પછી ફરીથી સ્ક્રીનિંગ કરાવવા માટે બોલાવવામાં આવશે. |
| **અસ્પષ્ટ** | એફ.ઓ.બી. ટેસ્ટ ફરીથી કરવો. |
| **અસાધારણ** | કોલોનોસ્કોપી વિશે વાતચીત કરવા માટે તમને અપોઈન્ટમેન્ટ કરી આપવામાં આવશે. |

## કોલોનોસ્કોપી એટલે શું?

કોલોનોસ્કોપી એક પ્રકારની ઝીણવટભરી તપાસ છે જેમાં સીધી જ તમારા મોટા આંતરડાની દિવાલ જોવામાં આવે છે. એક પાતળી, વળી શકે તેવી નળી ઉપર ખૂબ નાનો કેમેરા (કોલોનોસ્કોપ) ભરાવીને તેને તમારા મળદ્વારમાંથી નાંખીને તમારા આંતરડા સુધી પહોંચાડવામાં આવે છે. જો આમાં પોલિપ્સ દેખાય, તો કોલોનોસ્કોપ નળીમાં પસાર કરેલા એક આંકડીવાળા વાયરનો ઉપયોગ કરીને તેમાંના મોટા ભાગના કોઈ દર્દ વગર જ કાઢી નાંખી શકાય છે. આ ટિશ્યૂના નમૂનાનો ઉપયોગ કેન્સરવાળાં હોઈ શકે તેવા કોઈ અસાધારણ કોષો તપાસવા માટે કરવામાં આવશે.

- કોલોનોસ્કોપી કરાવનારાં 10માંથી લગભગ પાંચ લોકોને સાધારણ પરિણામ મળશે (એટલે કે તેમને કેન્સર અથવા પોલિપ નહિ હોય).
- 10માંથી ચાર જણાંને પોલિપ હોવાનું જણાશે, જે કાઢી નાંખવામાં આવે તો કેન્સર થતું અટકાવી શકાય છે.
- 10માંથી લગભગ એક વ્યક્તિને કોલોનોસ્કોપી કરાવ્યા બાદ કેન્સર હોવાની ખબર પડશે.

બાવલ કેન્સરનું નિદાન કરવા માટે કોલોનોસ્કોપી સૌથી અસરકારક પદ્ધતિ છે. મોટા ભાગનાં લોકો માટે કોલોનોસ્કોપી એક સીધી સાદી પ્રક્રિયા હશે. પરંતુ જેમ મોટા ભાગની તબીબી પ્રક્રિયાઓમાં થાય છે તેવી રીતે, આમાં પણ થોડી ગૂંચવણો થવાની શક્યતા છે. આમાં કોઈને (150માંથી લગભગ એક વ્યક્તિને) ખૂબ વધારે પડતું લોહી વહે છે જે માટે વધારે તપાસ કરવાની કે તબીબી સલાહ મેળવવાની જરૂર પડી શકે. કોલોનોસ્કોપથી આંતરડાની દિવાલમાં કાંણું (પરફોરેશન) પડી શકે (1,500માંથી લગભગ એક વ્યક્તિને આવું થઈ શકે). ખૂબ ભાગ્યે જ બનતા કિસ્સામાં, કોલોનોસ્કોપીથી કદાચ મૃત્યુ થઈ શકે. હાલની સલાહથી એવું સૂચન મળે છે કે આવું 10,000 માંથી એક જ કેસમાં થઈ શકે.

કોલોનોસ્કોપી વિશે વધારે માહિતી માટે, તમે અમારી પત્રિકા 'The colonoscopy investigation' 'ધ કોલોનોસ્કોપી ઈન્વેસ્ટિગેશન' (કોલોનોસ્કોપી તપાસ) વાંચી શકો છો. કોલોનોસ્કોપીની અપોઈન્ટમેન્ટ આપવામાં આવી હોય તે લોકોને અમે આ પત્રિકા મોકલી આપીશું. **યાદ રાખો, એફ.ઓ.બી. ટેસ્ટ પૂરો કરનારાં મોટા ભાગનાં લોકોને કોલોનોસ્કોપી કરાવવાની જરૂર નહિ પડે.**

## મારું એફ.ઓ.બી.નું પરિણામ અસાધારણ આવ્યું હોય તો શું મારે કોલોનોસ્કોપી કરાવવી જ પડે?

જો તમારું પરિણામ આસાધરણ આવ્યું હશે તો તમને એક નિષ્ણાત નર્સ સાથે અપોઈન્ટમેન્ટ કરી આપવામાં આવશે. તેઓ તમને કોલોનોસ્કોપીની પ્રક્રિયા પૂરેપૂરી સમજાવશે અને તે કરાવવા માટે તમે કેટલાં તંદુરસ્ત છો તે તપાસશે. જો તમે કોલોનોસ્કોપી કરાવવા માગતાં હશો, તો નર્સ તમારા માટે તેની અપોઈન્ટમેન્ટ ગોઠવી આપશે.

## બાવલ કેન્સર સ્ક્રીનિંગ કેટલું ભરોસાપાત્ર છે?

- બાવલ કેન્સર સ્ક્રીનિંગથી બાવલ કેન્સરથી મૃત્યુ થવાનું જોખમ ઓછું થતું હોવાનું દેખાયું છે.
- બધા જ સ્ક્રીનિંગ ટેસ્ટની જેમ, એફ.ઓ.બી. ટેસ્ટ 100% ભરોસાપાત્ર નથી.

- જ્યારે સ્ક્રીનિંગ ટેસ્ટ કરવામાં આવ્યો હોય ત્યારે જો લોહી વહેતું ન હોય, તો કેન્સર પકડવાનું ચૂકી જવાય એવી સંભાવના છે.
- સ્ક્રીનિંગ ટેસ્ટ કરવાની વચ્ચેના બે વર્ષના સમયગાળાની વચમાં બાવલ કેન્સરની શરૂઆત થાય એવું પણ બની શકે.
- સ્ક્રીનિંગ ટેસ્ટ કરવાની વચ્ચેના બે વર્ષના સમયગાળા દરમ્યાન બાવલ કેન્સરનાં ચિહ્નોથી વાકેફ રહેવાનું અગત્યનું છે.

## *બાવલ કેન્સરનાં ચિહ્નો શું છે?*

બાવલ કેન્સરનાં સૌથી સામાન્ય ચિહ્નોમાં નીચેનાં ચિહ્નો માટે જોતાં રહેવું જોઈએ:

- ઝાડો કરવાની ટેવમાં સતત ફેરફાર થયા કરવો, ખાસ કરીને વારંવાર ઝાડો કરવા જવું અથવા ઘણાં અઠવાડિયાં સુધી ઝાડા ચાલુ રહેવા;
- કોઈ દેખીતા કારણ વગર મળદ્વારમાંથી લોહી વહેવું;
- પેટમાં દુખાવો રહેવો, ખાસ કરીને જો તે ખૂબ ગંભીર હોય; અને
- તમારા પેટમાં ગાંઠ હોવી.

કૃપા કરીને યાદ રાખો કે આ ચિહ્નો હોવાનો અર્થ એવો જરૂરી નથી કે તમને બાવલ કેન્સર છે, પરંતુ જો તમને આમાંથી કોઈ એક અથવા વધારે ચિહ્નો ચારથી છ અઠવાડિયાંથી હોય, તો તમારે તમારા જીપીને મળવું જોઈએ.

## *મને બાવલ કેન્સર માટેની સારવારની જરૂર હશે તો?*

તમને બાવલ કેન્સરનું નિદાન કરવામાં આવ્યું હોય તો એવી પરિસ્થિતિમાં, નિષ્ણાતોની એક ટુકડી તમારું ધ્યાન રાખશે. તમને દરેક સમયે સર્વોત્તમ સારવાર અને સંભાળ મળી રહે તેની તેઓ ખાતરી કરશે.

જો બાવલ કેન્સર શરૂઆતના તબક્કામાં જ પકડાઈ ગયું હશે, તો તેમાંથી સાજા થઈ જવાની 90% કરતાં વધારે શક્યતા છે (કેન્સર રીસર્ચ યુકે 2005. *કેન્સરસ્ટેટ્સ*)

બાવલ કેન્સરની મુખ્ય સારવાર ઓપરેશન - સર્જરી છે. અમુક કિસ્સાઓમાં કીમોથેરપિ અથવા રેડિયોથેરપિ પણ આપવામાં આવી શકે.

જો કેન્સર કોઈ પોલિપમાં મળી આવ્યું હોય જેને કોલોનોસ્કોપી દરમ્યાન કાઢી નાંખવામાં આવી હોય, તો તે પછી ફક્ત નિયમિત તપાસ કરાવવાની જ જરૂરત રહેશે.

સ્ક્રીનિંગ દ્વારા પકડી પાડવામાં આવેલાં બધાં જ બાવલ કેન્સર મટાડી શકાતા નથી.

## *મારા નમૂનાની એક વાર તપાસ કરી લેવામાં આવે તે પછી તેનું શું થાય છે?*

એક વાર એફ.ઓ.બી.ના ટેસ્ટના નમૂનાની તપાસ કરી લેવામાં આવે તે પછી તેનું પરિણામ ડેટાબેઝ પર નોંધી લેવામાં આવે છે અને તે નમૂનાના કાર્ડનો નાશ કરી દેવામાં આવે છે. તમને સારી ગુણવત્તાની સેવા પૂરી પાડવાના અને અમારા નિષ્ણાત કર્મચારીઓની કુશળતાઓમાં વધારો કરવામાં મદદ કરવાના હેતુસર અમે બધી જ સ્ક્રીનિંગ નોંધોનું નિયમિત રીતે પુનઃઅવલોકન કરતાં રહીએ છીએ. એટલે કે આરોગ્ય સેવામાં બીજા સ્થળે કામ કરતા કર્મચારીઓએ પણ તમારી નોંધો જોવાની જરૂર પડશે.

અમે કેવી રીતે નોંધો રાખીએ છીએ તે વિશે વધારે માહિતી માટે એન.એચ.એસ. ડાઈરેક્ટને 0845 4647 પર ફોન કરો.

## સંક્ષેપ

તમે બાવલ કેન્સર સ્ક્રીનિંગમાં ભાગ લેવા માગો છો કે નહિ તેનો નિર્ણય લેતાં પહેલાં, તમે કેટલાક ફાયદા અને ગેરફાયદાનો વિચાર કરવા ઈચ્છશો અને તમારા માટે શું અગત્યનું છે તેનો વિચાર કરવા માગશો.

- યુકેમાં કેન્સરને કારણે થતાં મૃત્યુનું બીજા નંબરનું સૌથી મોટું કારણ બાવલ કેન્સર છે. બાવલ કેન્સર સ્ક્રીનિંગમાં ભાગ લેવાથી બાવલ કેન્સરથી તમારું મૃત્યુ થવાની તમારી સંભાવનાઓ તમે ઘટાડો છો.

- બાવલ કેન્સર સ્ક્રીનિંગથી પોલિપ્સ પણ પકડી શકાય છે જેમાં ભવિષ્યમાં કદાચ કેન્સર થઈ શકે તેમ હોય. કોલોનોસ્કોપિ દરમ્યાન પોલિપ્સ કાઢી નાંખવાથી ભવિષ્યમાં તમને બાવલ કેન્સર થવાની સંભાવનાઓ ઓછી થઈ જાય છે.

- સ્ક્રીનિંગ ટેસ્ટ કરવામાં આવ્યો હોય ત્યારે જો લોહી ન વહેતું હોય તો કેન્સર પકડવાનું ચૂકી જવાય એવી શક્યતા છે.

- ટેસ્ટના અસાધારણ પરિણામનો અર્થ એવો થાય કે તમને કોલોનોસ્કોપી કરાવવાનું કહેવામાં આવશે. કોલોનોસ્કોપી કરાવનારાં મોટા ભાગનાં લોકોને કેન્સર હોતું નથી. જો કે ક્યારેક કોલોનોસ્કોપી કરાવવા સાથે કેટલાંક જોખમો જોડાયેલાં છે.

- સ્ક્રીનિંગમાં પકડાયેલાં બધાં બાવલ કેન્સર સફળતાથી મટાડી શકાતાં નથી.

- અમુક લોકોને એફ.ઓ.બી. ટેસ્ટ કરવાનું કદાચ ન ગમે, પરંતુ તે તમારા પોતાના ઘરના એકાંતમાં કરી શકાય છે.

આ પત્રિકા કેન્સર રીસર્ચ યુકે દ્વારા, એન.એચ.એસ. બાવલ કેન્સર સ્ક્રીનિંગ પ્રોગ્રામ સાથે મળીને અને ઇંગ્લિશ બાવલ કેન્સર સ્ક્રીનિંગ પાઈલોટમાંથી સલાહ મેળવીને બનાવવામાં આવી છે.

તે નીચેની ચેરિટી સંસ્થાઓ મંત્રણાઓ કરીને પણ બનાવવામાં આવી છે.

- બીટિંગ બાવલ કેન્સર
- બાવલ કેન્સર યુકે
- કેન્સરબૅકઅપ
- મેન્સ હેલ્થ ફોરમ

## વધારે માહિતી અને સહાય

જો તમે કોઈ પ્રશ્નો પૂછવા માગતાં હો અથવા બાવલ કેન્સર માટેનું સ્ક્રીનિંગ કરાવવા વિશે વધારે જાણકારી મેળવવા માગતાં હો, તો તમે આ કરી શકો છોઃ

- મફત ફોન 0800 707 60 60 પર તમારા પ્રોગ્રામ સ્થળનો સંપર્ક કરો;;
- તમારા જીપી સાથે વાત કરો;
- 'એન.એચ.એસ. કેન્સર સ્ક્રીનિંગ પ્રોગ્રામ્સ'ની આ વેબસાઈટ જુઓ www.cancerscreening.nhs.uk;
- 'એન.એચ.એસ. ડાઈરેક્ટ'ની આ વેબસાઈટ જુઓ www.nhsdirect.nhs.uk;
- 'કેન્સરબૅકઅપ'ની આ વેબસાઈટ જુઓ www.cancerbackup.org.uk, અથવા 0808 8001234 પર ફોન કરો;
- 'કેન્સરહેલ્પ'ની આ વેબસાઈટ જુઓ www.cancerhelp.org.uk, અથવા 0800 226237 પર ફોન કરો;
- 'બાવલ કેન્સર યુકે'ની આ વેબસાઈટ જુઓ www.bowelcanceruk.org.uk, અથવા 08708 506050 પર ફોન કરો;
- 'બીટિંગ બાવલ કેન્સર'ની આ વેબસાઈટ જુઓ www.beatingbowelcancer.org, અથવા 02088925256 પર ફોન કરો;
- 'મેન્સ હેલ્થ ફોરમ'ની આ વેબસાઈટ જુઓ www.menshealthforum.org.uk, અથવા 02073884449 પર ફોન કરો;

જો તમે 70 વર્ષ કે તેથી વધારે ઉંમરનાં હો અને તમને બાવલ કેન્સર સ્ક્રીનિંગ કિટ જોઈતી હોય તો કૃપા કરીને **મફતફોન 0800 707 60 60** પર ફોન કરો

ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ દ્વારા એન.એચ.એસ. કેન્સર સ્ક્રીનિંગ પ્રોગ્રામ્સ સાથે મળીને, 'કેન્સર રીસર્ચ યુકે પ્રાઈમરી કેર એજ્યુકેશન ગ્રુપ' પાસેથી સલાહ અને ટેકો પ્રાપ્ત કરીને બનાવવામાં આવેલ.

કેન્સર રીસર્ચ યુકે

© Crown copyright 2006
273372 1p Nov06

ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ માટે સી.ઓ.આઈ. દ્વારા પ્રકાશિત
પ્રથમ આવૃત્તિ મે 2006

આ પત્રિકાનું લખાણ કોઈ ઔપચારિક પરવાનગી લીધા વગર અંગત અથવા આંતર સંસ્થાકીય ઉપયોગ માટે ફરીથી લખી શકાય છે.

જો તમને આ પત્રિકાની વધારે નકલો જોઈતી હોય તો 273372/Bowel cancer - The Facts જણાવીને નીચે સંપર્ક કરો:
DH Publications Orderline
PO Box 777 London SE1 6XH
ઈમેઈલ: dh@prolog.uk.com
ફોન: 08701 555 455
ફેક્સ: 01623 724 524
ટેક્સ્ટફોન: 08700 102 870 (સોમવારથી શુક્રવાર સવારે 8થી સાંજે 6)

www.cancerscreening.nhs.uk